
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## ઘર-ઘર નળ યોજનાની સાચી હકીકત



■ નાનાપોંઢા તાલુકાના સોશિયલ મીડિયાના એક ગૃપમાં વાયરલ વિડીયોએ ચર્ચા જગાવી છે. જેમાં એક યુવાન મહિલાઓની વ્યથા જણાવે છે કે, નાનાપોંઢા તાલુકાના ઓઝરડા બોરીનો માળ ફળિયામાં ભર ઉનાળે પીવાના પાણીની તિવ્ર તંગી સર્જાઈ છે, પાણી માટે લોકો ટળવળી રહ્યા છે, ત્યારે ગામના તાડપાડા બોરિનો માળ ફળિયામાં આવેલા એક કૂવામાં રહેલા કંઈક અંશે ગંદા પાણી મેળવવા મહિલાઓ વારાફરતી કૂવામાં ઉતરી જોખમી રીતે પાણી મેળવી રહી છે. બહેનો કેવી રીતે પાણી પીવાનું મળશે. ત્યારે હવે આ સમસ્યા નિવારવા સ્થાનિક નેતાઓ, તંત્ર આગળ આવશે ખરા તેવો પ્રશ્ન લોકો ઉઠાવી રહ્યા છે.

# સુરત-દુબઈ સીધી ફ્લાઈટ સેવા પર બ્રેક

**ઇન્ડિગોની** સુરત - દુબઇ - સુરત ડાયરેક્ટ ફ્લાઇટ ઓક્ટોબર અંત સુધી બંધ રહેવાની શક્યતા

સુરતઃ સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી દુબઈ માટે ચાલતી ઈન્ડિગો એરલાઈન્સ (6E) ની સુરત - દુબઈ - સુરત ફ્લાઈટ સેવા ઓક્ટોબર 2026ના અંત સુધી સ્થગિત રહેવાની માહિતી સામે આવી છે. જેને લીધે દુબઈમાં વેપાર કરતાં સુરત અને દક્ષિણ ગુજરાતના એનઆરઆઈ, વેપારીઓ તથા પ્રવાસીઓને ફરી મુંબઈ અને અમદાવાદ સુધી લાંબા થવું પડશે.

સૂત્રોના જણાવ્યા મુજબ ઈન્ડિગોએ સુરત-દુબઈ રૂટ પર હાલ સીધી ફ્લાઈટના બુકિંગ ઉપલબ્ધ રાખ્યા નથી. મુસાફરોને હાલ દિલ્હી, મુંબઈ, બેંગલુરુ અથવા અન્ય શહેરો મારફતે કનેક્ટિંગ ફ્લાઈટનો વિકલ્પ આપવામાં આવી રહ્યો છે. સુરતથી દુબઈ માટેની ડાયરેક્ટ સેવા બંધ રહેતા મુસાફરીનો સમય તેમજ ખર્ચ બંનેમાં વધારો થવાનો છે.

સુરત એરપોર્ટ પરથી દુબઈ માટે ઈન્ડિગોએ જાન્યુઆરી-2024માં સીધી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ સેવા શરૂ કરી હતી. આ રૂટને વેપારી વર્ગ અને પ્રવાસીઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. સુરતના હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓ માટે આ સેવા અત્યંત ઉપયોગી સાબિત થઈ હતી.

હાલમાં ઉપલબ્ધ શિડ્યુલ્ડ મુજબ સુરતથી દુબઈ માટે ઈન્ડિગો માત્ર કનેક્ટિંગ ફ્લાઈટ્સ દર્શાવી રહી છે, જ્યારે ડાયરેક્ટ સેવા ઉપલબ્ધ નથી. એરલાઈન દ્વારા સત્તાવાર રીતે કારણ જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ ઓપરેશનલ કારણોસર રૂટ

અનુસંધાન પાના ૭ પર

# નાસીર નગરના અસરગ્રસ્તોને સાધી લેવા કારસો : સાયકલવાલા

**રાજકીય** નેતાઓ વચ્ચે સેન્ડવીચ બનેલા તંત્ર માટે સાપે છછુંદર ગળ્યા જેવી સ્થિતિ : કોંગ્રેસને મોટો મુદ્દો મળ્યો

સુરત : નાસીરનગર વસાહત ડિમોલિશન પ્રકરણને આજે 16 દિવસ પૂર્ણ થયા હોવા છતાં વિવાદ શમવાનું નામ લેતો નથી. એક તરફ રાજ્યકક્ષાના મંત્રી પ્રફુલ પાનસેરીયાએ ડિમોલિશન કાયદેસર રીતે અને વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યું હોવાનું જાહેરમાં જણાવ્યું છે, તો બીજી તરફ સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર હજુ પણ સમગ્ર ઘટનાની જાણ ન હોવાનો દાવો કરી રહ્યા છે. આ

અનુસંધાન પાના ૭ પર

### નાસીર નગરના ખેલમાં મનપાના એક નિવૃત અધિકારીની ભૂમિકા પણ હોવાની ચર્ચા

નાસીર નગર ડિમોલીશનનો વિવાદ હવે ચમરસીમાએ પહોંચ્યો છે. ત્યારે આ ખેલમાં રાજકીય વગ ધરાવતા બિલ્ડરોએ મનપા અને પોલીસ તંત્રને સાથે રાખીને 200 થી વધુ લોકોને બેઘર કરી દીધા હોવાના આક્ષેપો ઉઠી રહયા છે. ત્યારે આ બિલ્ડરો સાથે ઘરોબો ધરાવતા કોંગ્રેસના એક લઘુમતિ પુર્વ કોર્પોરેટરે પણ મહત્વની ભુમિકા ભજવ્યાની વાતથી લઘુમતિ સમાજ લાલઘુમ છે દરમિયાન લઘુમતિ સમાજના મનપાના એક નિવૃત અધિકારીની ભુમિકા પણ હોવાની ચર્ચાએ જોર પકડયું છે. નાસીર નગરનો વિવાદ ગરમાતા જ આ અધિકારી હોસ્પિટલાઇઝ થઇ ગયા હોવાનું જાણવા મળી રહયું છે.

### બિલ્ડરે પ્લાન પાસ કરાવ્યા વગર કરેલું બાંધકામ હજુ યથાવત : નોટિસનો ફિયાસ્કો ?

નાસીર નગરમાં લાઇનદોરીના ડિમાર્કેશનની આડમાં થયેલા ગેરકાયદે ડિમોલીશનનો વિવાદ ઉઠયો ત્યારે એવી પણ પોલ ખુલી હતી કે, બિલ્ડરોએ હજુ તો પ્લાન પાસ નથી કરાવ્યો છતા બાંધકામ શરૂ કરી દીધુ છે. ખાડાઓ ખોદીને થયેલા પ્લીન્થ લેવલના બાંધકામમાં પણ સેન્ટ્રલ ઝોનના તંત્રની મીલીભગત હોવાની વાત સામે આવતા મનપાના તંત્ર દ્વારા ચામડી બચાવવા માટે બિલ્ડરોને નોટીસ ફટકારાઇ હતી. જો કે આ નોટીર બાદ પણ હજુ બિલ્ડરોએ

અનુસંધાન પાના ૭ પર

# મહિલા GST ઈન્સ્પેક્ટર સાથે રૂપિયા ૨૬.૮૦ લાખની ઠગાઈ

**GPSC** પરીક્ષા અને પીજી હોસ્ટેલ ઇન્વેસ્ટમેન્ટના નામે ખેલાયો આખો ખેલ

**રૂપિયા** માંગશો તો પતિનેને જીવતો નહીં છોડું તેવી ધમકી મળતા કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

સુરતઃ કતારગામ વિસ્તારમાં એક મહિલા જીએસટી (GST) ઈન્સ્પેક્ટરને પીજી હોસ્ટેલમાં રોકાણ અને નફાની લાલચ આપી કટકે-કટકે લાખો રૂપિયા પડાવી લઈ મોટું આર્થિક ચીટિંગ આચરવામાં આવ્યું હોવાની ચોંકાવનારી ફરિયાદ નોંધાઈ છે. ગાંધીનગરના એક ગઠિયાએ મહિલા અધિકારીને 'જો ક્યાંય વાત કરશો તો GPSC ની પરીક્ષા અંગે ખોટો કેસ કરી નોકરીમાંથી કઢાવી મૂકીશ' તેવી ધમકીઓ આપી બ્લેકમેલિંગ પણ કર્યું હતું. કતારગામ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કતારગામ ડભોલી વિસ્તારમાં જય આપા ગીગા હાઈટ્સમાં રહેતા અને મૂળ રાજકોટના વતની ડિમ્પલબેન મેહુલભાઈ જેઠવા (ઉં.વ. ૩૦) જીએસટી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવે છે. વર્ષ ૨૦૨૩માં તેમનો સંપર્ક ગાંધીનગરના સેક્ટર-૦૬માં રાધે ગર્લ્સ પીજી ચલાવતા સહદેવસિંહ અભેસંગભાઈ રાઠોડ સાથે થયો હતો. તેણે તેમને તેમની પીજી હોસ્ટેલમાં રોકાણ કરવાથી મોટો નફો મળશે તેવી લાલચ આપી અલગ-અલગ સમયે બેંક ટ્રાન્સફર, રોકડા તેમજ આંગડીયા મારફતે કુલ રૂપિયા ૩૭,૦૦,૦૦૦ લીધા હતા. રૂપિયા મળ્યા બાદ તેણે ફરિયાદીને નફો આપવાના બદલે ધમકાવવાનું શરૂ કર્યું હતું. તેણે એવી ધમકી આપી હતી કે તમે જે રૂપિયા આપ્યા છે તે જી.પી. એસ.સી. (GPSC) ની પરીક્ષા પાસ કરવા માટે આપ્યા છે તેવું કહીને હું તમારી સરકારી નોકરી જોખમમાં મૂકી દઈશ. આ ડર બતાવી તેણે રૂપિયા પચાવી પાડ્યા હતા. જોકે, વારંવારની ઉઘરાણી બાદ આરોપીએ ટુકડે-ટુકડે રૂ. ૧૦,૨૦,૦૦૦/- પરત કર્યા હતા, પરંતુ બાકીના રૂ. ૨૬,૮૦,૦૦૦/- ની ઉઘરાણી કરતા તે પિત્તો ગુમાવી બેઠો હતો. આરોપીએ ધમકી આપી હતી કે, 'જો હવે રૂપિયા માંગશો તો તમે જીવતા નહીં રહો અને તમારા પતિને પણ હું જીવતો નહીં છોડું.' છેવટે મામલો હદ બહાર જતા મહિલા ઈન્સ્પેક્ટરે કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી ગાંધીનગરના આરોપી સહદેવસિંહ રાઠોડને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# કે.પી. કોમર્સ કોલેજ ખાતે CMA ફાઉન્ડેશન પરીક્ષાનો પ્રારંભ

**સુરતનું** કે.પી. કોમર્સ કોલેજ એકમાત્ર પરીક્ષા કેન્દ્ર; બે સેશનમાં યોજાશે ફાઉન્ડેશન પરીક્ષા

સુરતઃ કોસ્ટ મેનેજમેન્ટ અકાઉન્ટન્ટ્સ (CMA) કોર્સ અંતર્ગત ફાઉન્ડેશન, ઈન્ટરમિડિયેટ અને ફાઈનલ પ્રોગ્રામ્સની ઓફલાઈન પરીક્ષાઓના કાર્યક્રમ મુજબ રવિવારે CMA ફાઉન્ડેશનની પરીક્ષા સુરતના કે.પી. કોમર્સ કોલેજ ખાતે શરૂ થઈ હતી. પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ અકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICMAI) દ્વારા આયોજિત આ પરીક્ષા રવિવાર 14 જૂનના રોજ બે સેશનમાં લેવામાં આવી. જેમાં પ્રથમ સેશન સવારે 10 થી 12 વાગ્યા સુધી અને દ્વિતીય સેશન બપોરે 2 થી 4 વાગ્યા સુધી યોજાયું. સુરત શહેર માટે કે.પી. કોમર્સ કોલેજને એકમાત્ર પરીક્ષા કેન્દ્ર તરીકે નિયુક્ત કરવામાં આવ્યું છે. પરીક્ષા આપવા માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ વહેલી સવારે કેન્દ્ર પર પહોંચ્યા હતા. પરીક્ષાર્થીઓએ સત્તાવાર વેબસાઈટ પરથી ડાઉનલોડ કરેલા એડમિટ કાર્ડ સાથે પરીક્ષા કેન્દ્ર પર હાજરી આપી હતી. નિયમો અનુસાર વિદ્યાર્થીઓને પરીક્ષાના નિર્ધારિત સમયથી એક કલાક અગાઉ કેન્દ્ર પર પહોંચવાની સૂચના આપવામાં આવી હતી, જેને અનુસરીને વિદ્યાર્થીઓ સમયસર કેન્દ્ર પર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વેસ્ટર્ન રિજનલ કમિટીના વાઈસ ચેરમેન CMA નેન્ટી શાહ તથા સુરત ચેપ્ટરના પ્રમુખ CMA કેવલ શાહે તમામ પરીક્ષાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

### LRD પરીક્ષામાં કટ-ઓફ 100 પાર જવાની શક્યતા

# LRDના પેપરમાં અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડથી લઈ ઈરાન યુદ્ધ સુધીના પ્રશ્નો

**ઉમેદવારોને** તાર્કિકતા અને વૈશ્વિક મુદ્દાઓએ મગજ કસાવ્યું, પરીક્ષામાં 93.16 ટકા રેકોર્ડબ્રેક હાજરી

સુરતઃ લોકરક્ષક દળ (LRD) ભરતીની લેખિત પરીક્ષાએ આ વખતે પરંપરાગત પ્રશ્નપત્રની વ્યાખ્યા જ બદલી નાંખી હતી. માત્ર યાદશક્તિ કે સામાન્ય જ્ઞાનના આધારે નહીં, પરંતુ ઉમેદવારોની વિશ્લેષણાત્મક વિચારશક્તિ, તાર્કિક ક્ષમતા અને વૈશ્વિક મુદ્દાઓ પ્રત્યેની સમજનું મૂલ્યાંકન થાય તે રીતે પ્રશ્નપત્ર તૈયાર કરાયું હતું. પરિણામે અનેક

અનુસંધાન પાના ૭ પર

### ફિલ્મોના નામ અને દિવસોને આધારે વાર શોધવાના કોયડા

રીઝનિંગ વિભાગમાં પણ ઉમેદવારોને સરળ માર્ગ મળ્યો નહોતો. ફિલ્મોના નામ અને દિવસોને આધારે વાર શોધવાના કોયડા, જટિલ લોહી સંબંધો, સંખ્યાત્મક શ્રેણીઓ અને કોડિંગ-ડિકોડિંગ જેવા પ્રશ્નોએ ઉમેદવારોને સતત વિચારતા રાખ્યા હતા. બીજી તરફ ગણિત વિભાગમાં સંભાવના, લઘુત્તમ અને ગુરુત્તમ અવયવ, ટકાવારી, અવિભાજ્ય સંખ્યાઓ અને સમય-ઝડપ-અંતર જેવા મુદ્દાઓને પ્રાથમિકતા આપવામાં આવી હતી.

### પરીક્ષા બાદ હવે શું?

- OMR શીટ 24 કલાકની અંદર વેબસાઈટ પર અપલોડ કરાશે
- પ્રોવિઝનલ આન્સર કી એક સપ્તાહમાં જાહેર થવાની શક્યતા
- ઉમેદવારોને વાંધા-સૂચનો માટે સમય આપવામાં આવશે
- નિષ્ણાતોના અંદાજ મુજબ જનરલ મેરિટ કટ-ઓફ 100થી વધુ જઈ શકે
- ઊંચી હાજરી અને સ્કોરિંગ પેપરને કારણે સ્પર્ધા વધુ કઠિન બનશે

### ભારતીય ગુપ્તચર સંસ્થા RAWના સ્થાપક અને ભૂમિકા

પ્રશ્નપત્રમાં સમકાલીન ઇતિહાસ અને રાષ્ટ્રીય સુરક્ષાને પણ સ્થાન આપવામાં આવ્યું હતું. ભારતીય ગુપ્તચર સંસ્થા RAWના સ્થાપક આર. એન. કાવ, 1971ના યુદ્ધ દરમિયાન પાકિસ્તાનના સંચારતંત્રને ખોરવી નાંખવામાં ભજવાયેલી ભૂમિકાઓ અને સુભાષચંદ્ર બોઝ દ્વારા સ્થાપિત સંગઠન જેવા પ્રશ્નોએ ઉમેદવારોના વ્યાપક અભ્યાસની કસોટી લીધી હતી.

# પસ્તાવો થતાં ચોરેલી સાઈકલ પરત મૂકી કેમેરા સામે માફી માંગી

**સલાબતપુરાની** આ મહિલાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો



સુરતઃ સલાબતપુરા વિસ્તારમાંથી ચોરીની એક અત્યંત અનોખી ઘટના પ્રકાશમાં આવી છે. મોંઘવારી અને પેટ્રોલ-ડીઝલના વધતા ભાવ વચ્ચે ફિટનેસ માટે સાઈકલની માંગ વધી રહી છે, ત્યારે એક અજાણી મહિલાએ પહેલાં તો તક જોઈને સાઈકલની ચોરી કરી લીધી હતી. જો કે, ચોરી કર્યા બાદ આ મહિલાનું હૃદય પરિવર્તન થયું હતું અને ગણતરીના કલાકોમાં જ તે સાઈકલ પાછી મૂકી ગઈ હતી. એટલું જ નહીં, તેણે ત્યાં લાગેલા સીસીટીવી કેમેરા સામે હાથ જોડીને માફી પણ માંગી હતી. આ સમગ્ર ઘટનાનો વિડીયો હાલ સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યો છે.

મળતી માહિતી મુજબ, સલાબતપુરા વિસ્તારમાં ગત ૧૨મી જૂના રોજ બપોરે એક અજાણી મહિલા ત્યાંથી પસાર થઈ રહી હતી. એક ઘરની બહાર કિંમતી સાઈકલ પાર્ક કરેલી જોઈને મહિલાની દાનત બગડી હતી. તેણે આજુબાજુ કોઈ જોતું નથી, તેની ખાતરી કરીને સાઈકલ ઉઠાવી લીધી હતી અને ત્યાંથી ફરાર થઈ ગઈ હતી. ઘરમાલિકે જ્યારે બહાર આવીને જોયું ત્યારે સાઈકલ ગાયબ જણાતા તેમણે આસપાસના વિસ્તારમાં શોધખોળ શરૂ કરી હતી.

મામલો પોલીસ મથકે પહોંચે તે પહેલાં જ બીજા દિવસે વહેલી સવારે એક ચોંકાવનારો વળાંક આવ્યો હતો. ચોરી કર્યા બાદ કદાચ આ મહિલાને

અનુસંધાન પાના ૭ પર

# નવસારીના યુવકને આર્મેનિયા મોકલી ખેતરોમાં મજૂરીએ ધકેલ્યો !

**રાઇડરની** નોકરી 1 લાખના પગારનું આશ્વાસ આપી 4 લાખ પડાવ્યા હોવાનો આક્ષેપ

**વિદેશ** મંત્રાલય મારફતે સુરક્ષિત રીતે વતન પરત લાવવાની માંગ કરી

### વિડીયોમાં ગૃહ રાજ્યમંત્રી, જળશક્તિ મંત્રીને મદદની અપીલ કરી

આર્મેનિયામાંથી યુવકે વિડીયો જાહેર કરીને ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી તથા નવસારીના સાંસદ સી.આર. પાટીલ સમક્ષ મદદની અપીલ કરી છે. સાથે જ વિદેશ મંત્રાલય મારફતે સુરક્ષિત રીતે વતન પરત લાવવાની માંગ કરી છે. ઘટનાએ ફરી એકવાર વિદેશમાં નોકરી અપાવવાના નામે ચાલતી કથિત છેતરપિંડીની ગેંગો સામે સવાલો ઊભા કર્યા છે. યુવકના આક્ષેપોને પગલે સંબંધિત એજન્સી સામે તપાસ અને કડક કાર્યવાહીની માંગ ઊઠી રહી છે.



નવસારીઃ વિદેશમાં સારી નોકરી અને ઊંચા પગારના સપના જોઈ રહેલા યુવાનો માટે ચેતવણીરૂપ એક કિસ્સો નવસારીમાંથી સામે આવ્યો છે. આર્મેનિયામાં રાઇડરની નોકરી અપાવવાના નામે આશરે રૂ. 4 લાખ પડાવ્યા બાદ નવસારીના એક યુવકને વચન મુજબની નોકરી આપવાના બદલે ખેતરો અને બાંધકામ સાઇટો પર મજૂરી કરાવવામાં આવી રહી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે.

મળતી માહિતી મુજબ નવસારીના અંકિત પટેલે સુરતના વેસુ વિસ્તારમાં આવેલી 'ફ્લાઈંગ એક્સપ્રેસ' નામની ઓફિસનો સંપર્ક કર્યો હતો. ઓફિસના સંચાલક સાહિલ પટેલે તેને આર્મેનિયામાં રાઇડર તરીકે નોકરી અપાવવાની સાથે દર મહિને અંદાજે રૂ. 1 લાખ જેટલા પગારનું આશ્વાસન આપ્યું હતું. આ લાલચમાં આવી અંકિતે વિઝા, ટિકિટ અને અન્ય પ્રક્રિયાના નામે કુલ રૂ. 4 લાખ ચૂકવ્યા હોવાનું જણાવ્યું છે. પરંતુ આર્મેનિયા પહોંચ્યા બાદ તમામ વાયદા ખોટા સાબિત થયા હોવાનું યુવકનો આક્ષેપ છે. તેને રાઇડરની નોકરી આપવાના બદલે ખેતી અને કન્સ્ટ્રક્શન સાઇટ પર મજૂરી કામ કરવા માટે મજબૂર કરવામાં આવી રહ્યો છે. રહેવા અને જમવાની પૂરતી સુવિધા પણ ન મળતી હોવાને કારણે તે ભારે મુશ્કેલીમાં જીવન પસાર કરી રહ્યો હોવાનું સામે આવ્યું છે.


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- |
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- | --- |
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

બેસણું



સ્વ. સુરેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ અટોદરીયા
સ્વ. તા. ૧૪-૦૬-૨૦૨૬

સખેદ જણાવવાનું કે મારા ભાઈ/પિતાશ્રી સ્વ. શ્રી સુરેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ અટોદરીયાનું દુઃખદ અવસાન તારીખ ૧૪/૬/૨૬ ના રોજ થયેલ છે.
સદ્ગતનું સંયુક્ત બેસણું તા.૧૮/૬/૨૬ નાં રોજ નીચે મુજબના સ્થળે રાખવામાં આવેલ છે.
સ્થળઃ શ્રી અનાવિલ સંસ્કાર ટ્રસ્ટ સ્વપ્નલોક સંકુલ કાલિયાવાડીપુલ પાસે, નવસારી. સમય : સાંજે ૪:૦૦ થી ૬:૦૦
પ્રયોદશા તા. ૨૬/૬/૨૬ શુક્રવારના રોજ સવારે ૯:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે. લોકીક રીવાજ બંધ છે.
લિ.
ડો. વિરેન્દ્રસિંહ એન અટોદરીયા (ભાઈ) 9898155565
હેતલકુમાર એસ. અટોદરીયા (પુત્ર) 9825055589
ડો. મહેન્દ્રસિંહ ટી. રાઉલજી (બનેવી)
લતાબેન મહેન્દ્રસિંહ રાઉલજી (બેન)
29/A પીજી ગાર્ડન સોસાયટી, ગ્રીડ રોડ, કબિલપોર નવસારી

અગ્યારમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. ધનસુખભાઈ મકનભાઈ પટેલ
સ્વ. તા. ૧૫/૦૬/૨૦૧૫
જેઠ વદ ચૌદશને સોમવાર

સ્નેહ ગઈ, હૂંફ ગઈ, સ્મૃતિ રહી ગઈ, આપના હેત, હૂંફ, સંસ્કાર કુટુંબ ભાવના, સદૈવ સ્મૃતિ પટ પર રહેશે. સખત મહેનત અને સહન શીલતા જેવા સદ્ગુણોથી આપે જીવન સમૃધ્ધ બનાવ્યું. વિદાય આપની સૌના કાળજા કંપાવી ગઈ. હરપળે તમારી યાદે મહેંકતી રહેશે. હયાત નથી પણ અમારી સાથે જ છો એવી અનુભતિ થાય છે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના
લિ.
ગં.સ્વ. ભારતીબેન ધનસુખભાઈ પટેલ
સતિષભાઈ મકનભાઈ પટેલ | સંગીતાબેન સતિષભાઈ પટેલ
પ્રકાશભાઈ મકનભાઈ પટેલ | પુર્વાબેન પ્રકાશભાઈ પટેલ
નિર્મલ ધનસુખભાઈ પટેલ | રાધિકા નિર્મલ પટેલ
સાજન, દિવ્યા, કેવિન, જીલ, કેન્સી, ધનિન, પ્રિયલ, કહાન
નિવાસસ્થાન : શિવશકિત ફાર્મ હાઉસ, મુ.પો. ગવિયર, તા. મજુરા, જી.સુરત-૦૭

ક્ષત્રિય દુઃખદ અવસાન - બેસણું



સ્વ.દિપ્તી પ્રવીણચંદ્ર ચાંગાવાલા
સ્વ. તા. ૧૪-૦૬-૨૦૨૬ (અધિક જેઠ વદ ચૌદસ)
દિલગીરી સહ જણાવવાનું કે અમારા બહેનનું દુઃખદ અવસાન તાઃ ૧૪-૦૬-૨૦૨૬ને રવિવારના રોજ થયેલ છે.
સદ્ગતનું બેસણું તા :૧૫-૦૬-૨૦૨૬ને સોમવારના રોજ સવારે : ૯ થી ૧૦:૩૦ દરમ્યાન ઘમણવાળા એસી હોલ, સિંગાપુરી વાડી, સલાબતપુરા, સુરત મુકામે રાખેલ છે.
લિ.
ડૉ. રાકેશ પ્રવિણચંદ્ર ચાંગાવાલા
કમલ પ્રવિણચંદ્ર ચાંગાવાલા
પ્રિતિ રાકેશકુમાર ચાંગાવાલા
પાયલ કમલકુમાર ચાંગાવાલા
આદિત્ય, રિષભ, હર્ષિની, લજ્જા, ટીશા, ધુન
તથા સમસ્ત ચાંગાવાલા પરિવાર

॥ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ ॥



સ્વ.ડો. યજ્ઞેશભાઈ મહેતા
સ્વ.તા.૧૫/૦૬/૨૦૨૫

અમારા વડીલશ્રી સ્વ.ડો.યજ્ઞેશભાઈ મહેતા ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે સૌ કુટુંબીજનો, સંતાનો અને સ્નેહીજનો તરફથી ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ. તેમનો પ્રેમાળ, મિલનસાર અને શાંત સ્વભાવ હંમેશા યાદ રહેશે....
લિ.
પ્રેરણાબેન ય. મહેતા
દર્શક મહેતા શુચિ ત્રિવેદી
તોરલ મહેતા નિહાર ત્રિવેદી

દશમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. ગોરધનભાઈ મંગળભાઈ પટેલ
જન્મ તા. ૦૩.૭.૧૯૨૬
સ્વ. તા. ૧૫.૬.૨૦૧૬

આપ યાદ આવો હર એક વ્યવહારમાં ખુશીઓમાં તહેવારમાં - જીવંત છો આપ અમારી સુવાસમાં સ્મરણ તમારૂ થતા મન મૂકીને રડાવતાં અમારા પ્રત્યે અખૂટ લાગણી સાથેનો આપનો માયાળું સ્વભાવ અને પ્રેમાળ હૃદયની મમતા સદાયે અમારા હૃદયમાં જીવંત રહેશે. પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
લિ.
સ્વ. ચંદ્રીકાબેન ગોરધનભાઈ પટેલ
કિરીટકુમાર ગોરધનભાઈ પટેલ
ડૉ. વિનોદકુમાર ગોરધનભાઈ પટેલ
પ્રફુલભાઈ ગોરધનભાઈ પટેલ
અવિ વિનોદકુમાર પટેલ (કેનેડા)
ક્રિસ પ્રફુલભાઈ પટેલ